(૦૫) આ કામે અરજી વંચાણે લીધી તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. તપાસ કરનાર અમલદારનું સોગંદનામું ધ્યાને લીધું. પક્ષકારો તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. સદર કામે અરજદાર/આરોપી સામેના ગુનાની હકીકત ધ્યાને લેતા ફરીયાદીની માલિકીની અરીઠા, તા. હારીજના સ. નં. ૬૪૦ વાળી જમીનમાં આરોપીએ ગેરકાયદેસર રીતે કબજો કરી, ફરીયાદીને ખેતરમાં પગ મુકશો તો જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપી, સદર જમીનમાંથી આર્થિક ઉપાર્જન મેળવી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૫.૧) આ કામે સામાવાળા/સરકાર તરફે વિ.પી.પી.શ્રીની એવી દલીલ છે કે, આ કામના અરજદાર/આરોપી જામીન ઉપર છુટશે તો ફરીયાદી, સાહેદોને ધાકધમકી આપવાનો તેમજ ફોડવાનો પ્રયત્ન કરે તેમ છે અને ટ્રાયલ દરમિયાન હાજર રહેશે નહીં અને તેથી ટ્રાયલ વિલંબમાં પડશે તેવી દહેશત વ્યક્ત કરેલ છે, પરંતુ આ બાબતે અત્રેની અદાલત યોગ્ય તે શરતો ફરમાવી શકે તેમ છે. જેથી આ અદાલત વિ. પી.પી. શ્રીની સદર દલીલ સાથે સહમત થતી નથી. વધુમાં સદર કામના અરજદાર/આરોપીએ આંક– ૯ થી પુરસીસ આપી જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ તકરારી ખેતીની જમીનનો કબજો સીવીલ તકરારનો હક્ક અબાધીત રાખી ખાલી કરેલ હોવાનું જણાવેલ છે. આ કામના અરજદાર/આરોપીનો સામેનો આક્ષેપ ધ્યાને લેતા ફરીયાદીની અરીઠા મુકામે આવેલ જમીનનો કબજો કરી જમીન પચાવી પાડેલ હોવા અંગેનો છે. આ કામના અરજદાર/આરોપીએ જમીનનો કબજો છોડી દીધેલ હોઈ અને તેવું પુરસીસથી જાહેર કરેલ હોઈ અને ભવિષ્યમાં સદર જમીનનો ગેરકાયદેસર કબજો કરશે નહીં તેવી બાંહેધરી પુરસીસથી આ કોર્ટ સમક્ષ જાહેર કરેલ છે. આ સંજોગોમાં જામીન અરજીના તબક્કે કેસના ગુણદોષમાં ઉતર્યા સિવાય અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવાનું ઉચિત જણાય છે. અરજદાર/આરોપી ૮૧ વર્ષના વયોવૃદ્ધ ઈસમ હોવાનું જણાઈ આવે છે. વધુમાં અરજદાર/આરોપી સામેના સદરહું કેસની ટ્રાયલ ચાલી નિકાલ આવતા સમય જાય તેમ છે. અરજદાર/આરોપીનો ગુનાહિત ઈતિહાસ હોવાનું જણાઈ આવતું નથી. આ સંજોગોમાં પણ અરજદાર/

